## 1. રાજા રામમોહનરાયે સમાજસુધારણા માટે કઈકઈ પ્રવૃત્તિઓ કરી હતી ?

- રાજા રામમોહનરાયને ભારતીય નવજાગૃતિના અગ્રદૂત માનવામાં આવે છે. સામાજિક અને ધાર્મિક સુધારણા માટે તેઓએ "બ્રહ્મોસમાજ"ની સ્થાપના કરી. આ ઉપરાંત નીચેના વિવિધ કાર્યો થકી રાજા રામમોહનરાયે સમાજ સુધારા કર્યા. રાજા રામમોહનરાયના સમાજ સુધારના ખ્યાલમાં મુખ્યત્વે તેઓ એવું માનતા હતા કે,

  (1) હિંદની પ્રગતિમાં જ્ઞાતિપ્રથા મોટો અવરોધ છે.

  (2) કુટુંબમાં સ્ત્રીઓને ગૌરવવંતુ સ્થાન અને સમ્માન આપવું.

  (3) સતીપ્રથા એ વાસ્તવિક અર્થમાં ખૂન છે. તેને વહેલામાં વહેલી તકે તેના પર પ્રતિબંધ મૂકવો જોઈએ.

  (4) બાળલગ્ન હાનિકારક છે.

  (5) વિધવાઓને પુનઃલગ્નની ટ મળવી જોઈએ.

  (6) બહુપત્ની પ્રથાનો અંત લાવવો જોઈએ.

  (7) પિતાના વારસામાં પુત્રની જેમ પુત્રીને પણ સરખો જ ભાગ પ્રાપ્ત થવો જરૂરી છે.

  (8) સ્ત્રીપુરુષમાં શિક્ષણને મહત્ત્વ આપવું. રાજા રામમોહનરાયે સમાજ સુધારણા માટે અંગ્રેજી શિક્ષણની હિમાયત કરી,કોલકત્તામાં હિંદુ કોલેજની સ્થાપના કરી. અખબારી સ્વતંત્રતા, વાણી સ્વાતંત્ર્ય, સ્ત્રી અધિકાર, વ્યક્તિ સ્વાતંત્ર્ય અને સતીપ્રથા વિરુદ્ધની ઝુંબેશ મુખ્ય છે. રાજા રામમોહનરાયની ઝુંબેશને પરિણામે વિલિયમ બેન્ટિકે ભારતમાંથી "સતીપ્રથા" ઉપર સંપૂર્ણ પ્રતિબંધ મૂક્યો.

## 2. બ્રહ્મોસમાજની મુખ્ય પ્રવૃત્તિઓ કઈ કઈ હતી ?

- રાજા રામમોહનરાયે બ્રહ્મોસમાજની સ્થાપના કરી હતી. 19મી સદીમાં બ્રહ્મોસમાજ અને તેની શાખાઓએ સમાજ સુધારણા અને ધર્મ સુધારણાના ક્ષેત્રે કાંતિકારી ભૂમિકા અદા કરી. તેમણે એકેશ્વરવાદનો પ્રચાર કર્યો. મૂર્તિપૂજા વિવિવિધાનો અને બ્રહ્માચારને બદલે હૃદયપૂર્વકની પ્રાર્થના, કીર્તન અને પશ્ચાતાપને મહત્ત્વ આપ્યું. સ્ત્રીઓની સામાજિક સ્થિતિ સુધારવા બાળલગ્ન, સતીપ્રથા, બહુપત્નીપ્રયા અને પડદાપ્રથા નાબૂદ કરવાનો પ્રયત્ન કર્યો. તેઓએ વિધવાવિવાહ તથા સ્ત્રીઓની કેળવણીને ઉત્તેજન આપ્યું.
- ઉપરાંત જ્ઞાતિવાદને દૂર કરવા આંતર જ્ઞાતીય લગ્નો અને આંતરજ્ઞાતીય ભોજનને ઉત્તેજન આપ્યું. બ્રહ્મોસમાજ પાશ્ચાત્ય સંસ્કૃતિ અને પાશ્ચાત્ય વિચારસરણીથી વધુ પ્રભાવિત થયો હતો. તે કારણે સમાજના બહુધા શિક્ષિત લોકો જ તેમાં જોડાયા હતા. બ્રહ્મોસમાજે ભારતમાં ઉદારમતવાદ અને બાપુ આધુનિકતાનું વાતાવરણ તૈયાર કર્યું. બ્રહ્મોસમાજની પ્રવૃત્તિ બુદ્ધિશાળી મધ્યમવર્ગ પૂરતી મર્યાદિત હતી. વિશેષતઃ તે શહેરી વિસ્તારોમાં ફેલાયેલી હતી. તેથી પ્રવૃત્તિઓ ગ્રામીણ વિસ્તારોનાં નીચલા વર્ગોમાં અસર ઉપજાવી શકી નહતી તો પણ ધર્મ અને સમાજસુધારણામાં બ્રહ્મોસમાજનું પ્રદાન નોંધપાત્ર ગણાય.

## 3. રામકૃષ્ણ મિશનની સમાજસેવાની પ્રવૃત્તિઓની રૂપરેખા આપો.

- સ્વામી વિવેકાનંદે ઈ.સ. 1898 માં સ્થાપેલી રામકૃષ્ણ મિશન સંસ્થાએ ધર્મપ્રવર્તક સંસ્થાને બદલે સેવાસંસ્થા કહી શકાય. આ સંસ્થા સેવા દ્વારા સુધારણાના આદર્શમાં માને છે. કોલકાતા પાસે 'બેલુર મઠ' તેનું વડું મથક છે. અંગ્રેજીમાં પ્રસિદ્ધ થતું 'પ્રબુદ્ધ ભારત' અને બંગાળીમાં પ્રસિદ્ધ થતું 'ઉદબોધન' રામકૃષ્ણ પરમહંસના જીવનસંદેશના પ્રચારનું મહત્ત્વનું કાર્ય કરે છે. ભારત તેમજ વિદેશોમાં રામકૃષ્ણ મિશનની અનેક શાખાઓ આ

કાર્ય કરે છે. રામકૃષ્ણ મિશનની ધર્મસુધારણા કે સમાજસુધારણાની પ્રવૃત્તિઓમાં અન્ય સંસ્થાઓના જેવી ઉગ્રતા જોવા મળતી નથી.

- રામકૃષ્ણ મિશન તરફથી દેશભરમાં શાળાનો, દવાખાનાં તથા અનાથાશ્રમો ખોલવામાં આવ્યાં છે. દુષ્કાળ , રેલ, ભૂકંપ, રોગચાળો વગેરે કુદરતી આપતિઓ વખતે મિશનના કાર્યકર્તાઓ લોકોની નિઃસ્વાર્થભાવે સેવા કરે છે.જેઓ પોતાનું જીવન ઈશ્વરે ઉપાસના તથા જનસેવા માં સમર્પિત કરી દે છે. બીજા પ્રકારના કાર્યકતાઓ સંસારી હોય છે. જેઓ સંસારમાં રહીને મિશનના ઓદશ પ્રમાણો જીવન જીવવાનો તથા જળસેવાનો પ્રયત્ન કરે છે. રામ કૃષ્ણ મિશને સિસ્ટર નિવેદિતા , બી.સી. પાલ જેવા જહાલવાદી રાજકીય નેતાઓ સમાજને આપ્યા છે.

### 4. આર્યસમાજની પ્રવૃત્તિઓની માહિતી આપો. અથવા સ્વામી દયાનંદ સરસ્વતીના ઉપદેશનો સાર જણાવો.

- સ્વામી દયાનંદ સરસ્વતીએ પોતાના વિચારોનો ફેલાવો કરવામાં આર્યસમાજની સ્થાપના કરી. હિંદુઓને સંગઠિત કરવા તથા પશ્ચિમની સંસ્કૃતિના પ્રહારો સામે હિંદુ ધર્મનું રક્ષણ કરવા તેમણે પ્રયત્નો કર્યા. તેમણે ધર્માન્તર કરાયેલા હિંદુઓને હિંદુ ધર્મમાં ફરી લાવવાની ‘શુદ્ધિ ચળવળ’ શરૂ કરી. આર્યસમાજે બાળલગ્ન વિરોધ, વિધવાવિવાહને ઉત્તેજન, કન્યા કેળવણી, દલિતોલાર વગેરેની ઝુંબેશ આરંભીને સમાજ સુધારણાની પ્રવૃત્તિઓ હાથ ધરી, દરિદ્રનારાયણની સેવાનો આદર્શ રજૂ ક્યોં.
- જન્મથી કોઈ મનુષ્યહીન કે અછૂત નથી તેવો સંદેશો આપીને તેમણે માનવની સમાનતાનો આદર્શ પણ લોકો સમક્ષ રજૂ કર્યો. અનુયાયીઓમાં સંયમ, ત્યાગ, લોકસેવા અને ધર્મનિષ્ઠાના ગણો કેળવાયા હતા. લાલા હંસરાજે ઈ.સ. 1889 માં લાહોરમાં ‘દયાનંદ એગ્લોવૈદિક કોલેજ’ની સ્થાપના કરી. સ્વામી શ્રદ્ધાનંદે ઈ.સ. 1902માં હદ્વાર પાસે ‘કાંગડી ગુરુકુળ’ સ્થાપર્યું.
- આર્યસમાજે ભારતીય સંસ્કૃતિ અનુસાર કાંગડીના ગુરુકુળ મારફત ઉચ્ચ કેળવણી તથા કન્યા કેળવણીનો ફેલાવો કરવાનું અતિ મહત્ત્વનું કાર્ય કર્યું. આ ઉપરાંત રસીઓની તેમજ દલિત વર્ગોની સ્થિતિ સુધારવામાં પણ તેઓએ ઘણું નોંધપાત્ર કાર્ય કર્યું હતું . હિન્દીને રાષ્ટ્રભાષાનું સ્વરૂપ આપવામાં આવ્યું હતું .

### 5. થિયોસોફિકલ સોસાયટીની પ્રવૃત્તિઓમાં શ્રીમતી એની બેસન્ટના પ્રદાનો ખ્યાલ આપો. અથવા થિયોસોફીકલ સોસાયટીનો અર્થ અને ઉદ્દેશો જણાવી તેમાં શ્રીમતી એનીબેસન્ટનો ફાળો વર્ણવો.

- શ્રીમતી એની બેસન્ટ નામના આયરિશ મહિલાએ ભારતમાં આવીને થિયોસોફિકલ સોસાયટીનું કાર્ય ઉપાડી લીધું. (ઈ.સ. 1893) તેમની પ્રવૃત્તિઓથી ભારતમાં રાષ્ટ્રીય ચળવળને સારો એવો વેગ મળ્યો. તેઓની માન્યતા હતી કે ભારતની વર્તમાન સમસ્યાનો ઉકેલ તેના પ્રાચીન આદર્શો અને સંસ્થાઓને પુનઃજીવિત કરવાથી મળી શકશે . ભારતીય સંસ્કૃતિ અને ધર્મનું પુનરુત્થાન ખુદ ભારતના લોકો દ્વારા જ થઈ શકશે અને આનાથી સમસ્ત વિશ્વનું કલ્યાણ થશે.
- તેમણે ભારતમાં રહીને ભારતના લોકોને તેમનાં ધર્મ અને તત્વજ્ઞાનની મહાનતા વિશે સભાન કર્યો, કોઈપણ જાતના નાતજાતના કે ધર્મના ભેદભાવ વગર વિશ્વબંધુત્વનો દર સ્થાપવામાં તેમના પ્રયાસો પ્રશંસનીય રહ્યા. પોતાના આવા ઉદેશોનો ફેલાવો કરવા માટે તેમણે બનારસ માં ‘સેન્ટ્રલ હિંદુ સ્કૂલ’ની સ્થાપના કરી, જે પાછળથી બનારસ હિંદુ યુનિવર્સિટી’ના રૂપમાં ફેરવાઈ ગઈ. (1916). શિક્ષણ ઉપરાંત સામાજિક ક્ષેત્રે પણ તેમણે મહત્ત્વનું કાર્ય કર્યું. તેમણે સમાજમાં ફેલાયેલા અનિષ્ટોને દૂર કરવા પ્રયત્નો કર્યા, અને વિધવાવિવાહને પ્રોત્સાહન આપ્યું.

19 મી સદીમાં ભારતમાં જયારે હિંદુ, ખ્રિસ્તી, ઇસ્લામ વગેરે વિવિધ ધર્મો અને પંથો વચ્ચે વિવાદ અને કડવાશ વધતાં જતાં હતાં. ત્યારે થિયોસોફિકલ સોસાયટીએ અને એની બેસન્ટ કોમવાદને દૂર કરવા પ્રયત્નો કર્યા. ભારતમાં 'સ્કાઉટ' અને 'ગર્લ્સ ગાઇડ'ની પ્રવૃત્તિઓ શરૂ કરી હતી.

- આ ઉપરાંત (ઈ.સ. 1916) ચેન્નાઇનાં 'હોમરૂલ લીગ'ની સ્થાપના કરી અને તેની મારફત ભારતની સ્વતંત્રતા માટે સક્રિય ચળવળ ઉપાડી. પત્રકારિત્વના સ્વાતંત્ર્ય માટે તનતોડ મહેનત કરી. આમ એની બેસન્ટે ભારતીય સંસ્કૃતિના ગૌરવની પુનઃસ્થાપના કરીને તેમજ લોકોની રાષ્ટ્રીય ભાવના વિકસાવીને તેમણે ભારતીય સમાજ અને દેશની અમૂલ્ય સેવા કરી, ખાસ કરીને દક્ષિણ ભારતમાં સુધારણાના ક્ષેત્રે થિયોસોફિકલ સોસાયટીએ મહત્ત્વનું પ્રદાન કરેલ છે.